Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## –: પરિપત્ર :–

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ /ડિપાર્ટમેન્ટના વડાશ્રીઓને તેમજ યુનિવર્સિટી પરિસરમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડિનેટરશ્રીઓને તથા સને–૨૦૨૧–૨૨ના શૈક્ષણિક સત્રમાં લેવાનાર તમામ પરીક્ષાના પેપર સેટરોને જણાવવાનું કે,તા. ૨૧–૦૯–૨૦૨૧ની એકેડેમિક કાઉન્સિલના ઠરાવ ક્રમાંક–૩૦ થી ઠરાવ્યાનુસાર "પ્રત્યેક ફેકલ્ટીના દરેક વિષયો માટે ઓછામાં ઓછા ૧ ગુણભાર ધરાવતા ૭૦ MCQ પ્રશ્નવાળા બે સેટ ઈમેલ ધ્વારા પેપરસેટર તરીકે મળેલ નિમણુંકથી દિન–૧૦ માં જમા કાવવાના રહેશે. વધુમાં જે વિષયોમાં ગણિત અથવા ગણતરીનાં વિષયો આવતા હોય તેવા વિષયો માટે ગુણ–૧, ગુણ–૨, અને ગુણ–૩ ધરાવતા MCQ પ્રશ્નપત્રમાં પ્રશ્નોની સંખ્યા વર્ષ–૨૦૨૦–૨૧ની પરીક્ષા માટે નકકી કરાયેલ ફોર્મેટ મુજબ રહેશે."

વધુમાં વિષય દીઠ યુનિટ દીઠ MCQ 'પ્રશ્નબેંક બનાવવા જે તે બોર્ડના ચેરમેનશ્રીને જવાબદારી સોંપવામાં આવે છે. તથા આ કાર્યવાહી જે તે વિષયના અધ્યાપકોની મદદથી દિન–૧૫માં પૂર્ણ કરવાની રહેશે.

વધુમાં ઉપરોકત ઠરાવ અનુસાર ૭૦ MCQ પ્રશ્નો માટે ૧ માર્કસના ૧ થી ૫૦ પ્રશ્નો આન્સર કી સાથે તેમજ વધારાના ૧ માર્કસના ૨૦ પ્રશ્નો આન્સર કી સાથે તેમજ ગણતરીવાળા પ્રશ્નપત્રો માટે ૧ માર્કસના ૧ થી ૧૬ પ્રશ્નો આન્સર કી સાથે અને ૨ માર્કસના ૧૭ થી ૩૩ પ્રશ્નો આન્સર કી સાથે અને વધારાના ૧ માર્કસ વાળા ૬ પ્રશ્નો અને ૨ માર્કસના ૭ પ્રશ્નો આન્સર કી સાથે જમા કરાવવાના રહશે.

નોંધઃ– બે સેટ ઉપરાંત બંને સેટમાં ન હોય તેવા ૧૦ MCQ બેઈઝ પ્રશ્નોનું એક વધારાનું આન્સર કી સહિત અલગથી કવર જમા કરાવવાનું રહેશે. તેમજ ગણતરીવાળા પ્રશ્નપત્રો માટે એક માર્કસનાં ચાર પ્રશ્નો અને બે માર્કસનાં ત્રણ પ્રશ્નો આન્સર કી સાથે અલગ કરવમાં જમાં કરાવવાનાં રહેશે.

ક્રમાંકઃપરીક્ષા/એ /૧૭૦૨૨/૨૦૨૧
સુરત. તા. ૨૨–૦૯– ૨૦૨૧

ઈ.ચા. કુલસચિવ

પ્રતિ,

(1) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ/અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ / કો–ઓર્ડિનેટરશ્રીઓ તથા તમામ ફેકલ્ટીમા નિમણુક પામેલ પેપર સેટર તરફ જાણ સારુ.
(૨) પેપર બ્રાન્ચ, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.